# 'સન્નારી' કવર ગર્લ બનવું છે?




સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ 'સન્નારી'ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઈ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ 'સન્નારી' કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઈક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, 'સન્નારી' અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેકટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઈ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો. M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in

## પ્રિય સન્નારી

કેમ છો? મજામાં ને?

સુરત ટ્રાફિક પોલીસે આટલી કાળઝાળ ગરમીમાં બપોરે ૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી શહેરનાં તમામ સિગ્નલો બંધ રાખવાનો નિર્ણય લીધો છે તે ખરેખર આવકારદાયક છે. ધોમધખતા તડકામાં ટ્રાફિક સિગ્નલ પર ઊભા રહેવામાં લોકોને ઘણી તકલીફ પડતી હોય છે. ચામડી બળી જાય તેવી ગરમીમાં ટ્રાફિક સિગ્નલ પર લોકોએ ઊભા ન રહેવું પડે તે માટે સુરત ટ્રાફિક પોલીસે આ નિર્ણય લીધો છે. આ નિર્ણયથી લોકોને ચોક્કસ થોડી ઘણી રાહત તો થઈ જ હશે.

મિત્રો, આવતી કાલે ૧૦ મી મે, એટલે કે મે મહિનાનો બીજો રવિવાર અર્થાત્ 'મધર્સ ડે' છે. મા સાથે નાનું બાળક હોય કે વયસ્ક વ્યક્તિ હોય તે કુદરતી રીતે લાગણીથી જોડાયેલું હોય છે. મા વિષે ઘણું લખાયેલું છે, ઉચ્ચ કોટિનું લખાયેલું છે, તેનું સ્થાન ઈશ્વરની બરાબર માનવામાં આવે છે અને એટલે જ એક માતા કોઈ ભૂલ કરે તે આપણે સ્વીકારી શકતા નથી. ચોક્કસ, માતા તરીકે જવાબદારી, તેનો હોદ્દો મોટો હોય છે એટલે જેટલો મોટો હોદ્દો એટલું મોટું એની ભૂલનું સ્વરૂપ બની જાય છે. એક બાળક ભૂલ કરે તો વધારેમાં વધારે ચાલતા ચાલતા પડી જાય, તેને ઈજા થઈ શકે છે પરંતુ, એક માતા ભૂલ કરે તો એક પેઢી બગડી શકે છે. બાળકનું અને અંતે એક સમાજનું ભવિષ્ય અંધકારમય બની જાય છે. એટલે સમાજે માતાને ભૂલ કરવાનો અધિકાર જ નથી આપ્યો. કહેવાય છે ને કે 'તુમ મા હો, તુમ ગલત કૈસે હો સક્તી હો?, તુમ ગલતી કૈસે કર સકતી હો?' આમ કહીને મા પાસેથી આપણે ફક્ત ભૂલ કરવાનો અધિકાર જ નથી છીનવી રહ્યા પરંતુ તેનો માણસ હોવાનો અધિકાર પણ છીનવી રહ્યા છીએ. આખરે, મા પણ માણસ જ છે અને દરેક માણસ ભૂલને પાત્ર હોય છે. એ વાતનો સ્વીકાર પહેલા તેનાં બાળકોએ અને પછી આપણા સમાજે કરવો પડશે.

આપણે ઘણી વાર બાળકોને, ખાસ કરીને ટીનએજ છોકરાઓને તેમની માતાને કહેતા સાંભળ્યા હશે, '' મમ્મી, તું સ્કૂલમાં કંઈ સારું પહેરીને આવજે.'', ''ઇંગ્લીશમાં વાત કરતા ન આવડે તો તારે બોલવાની જરૂર નથી.'' આવી ઘણી ફરિયાદો બાળકો માને કરતા હોય છે. તેની ખામી, કોઈ ઊણપ કે કોઈ ભૂલને બાળકો પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવી દે છે. તેમને લાગે છે કે માની કોઈ ભૂલને કારણે તેમના પોતાના વર્તુળમાં તેમની ઈમ્પ્રેશન બગડી જશે. બાળકો જરા મોટાં થાય અને જો કોઈકની સામે બોલે કે અયોગ્ય વર્તન કરે તો તરત જ માની પરવરિશ પર સવાલ ઊભા કરી દેવામાં આવે છે. બાળકે લીધેલા એક એક નિર્ણય માતા માટે અગ્નિપરીક્ષા સમાન બની રહે છે. તેણે દરેક વખતે અગ્નિપરીક્ષા આપીને પોતાને સાચી અને યોગ્ય મા સાબિત કરવી પડે છે. ક્યારેક એવી પરિસ્થિતિ આવી હોય કે જેમાં માતાએ બાળકને હોસ્ટેલમાં મૂકવા પડે કે પોતાનાથી દૂર રાખવા પડે કે પછી અમુક કડક નિર્ણય લેવા પડે છે કે જે બાળકને ત્યારે ગમ્યા ન હોય. ક્યારેક બાળકની ભૂલ ન હોવા છતાં માએ તેને ઠપકો આપ્યો હોય કે માર્યું હોય એવી બાબતોની ફરિયાદ બાળક આજીવન પોતાના મનમાં લઈને ફરે છે. અહીં સવાલ કોણ સાચું છે અને કોણ ખોટું છે એ નથી. સવાલ એ છે કે જો બાળકોને એમ લાગતું હોય કે મારી માતાએ ભૂલ કરી હતી તો એ ભૂલની સ્વીકૃતિનો છે.



દરેક બાળકે અને એક સમાજ તરીકે આપણે સ્વીકારવું પડશે કે એક મા પણ ભૂલ કરી શકે છે. એક માતા તરીકેની જવાબદારી ઘણી મોટી છે છતાં, તેની કોઈ ચોક્કસ થિયરી શીખવવામાં આવતી નથી કે કોઈ ટ્રેનીંગ આપવામાં આવતી નથી. એક સ્ત્રી જયારે મા બને છે ત્યારે એક નવા નિશાળીયાની જેમ જ હોય છે. ધીમે ધીમે આગળ વધતી જાય છે, બેળે બેળે શીખે છે અને એમ કરતા કરતા અનુભવ લેતી જાય છે અને શીખે છે કે પરવરિશ કેવી રીતે કરવી જોઈએ. આ શીખવાની સફરમાં તે કેટલીક ભૂલો પણ કરે છે અને ભૂલોમાંથી શીખીને સુધારવાનો પ્રયત્ન કરે છે. ભૂલનું પુનરાવર્તન ન થાય તેનું ધ્યાન પણ રાખે છે. બસ, ફરક એટલો જ છે કે ક્યારેક ભૂલ નાની હોય તો કયારેક ભૂલ મોટી હોય છે. એક મા તરીકે તમે પણ નોટસ કર્યું હશે કે જે ભૂલ પહેલા બાળકમાં કરી હોય તે ભૂલ બીજા બાળકમાં કરતા નથી. તેને સુધારી લઈને પરવરિશની બીજી રીત અપનાવીએ છીએ. બરાબર ને?

એક બાજુ, મા બાળકોની દરેક ભૂલ માફ કરી દે છે. જે માતાએ આપણને લખતાં - વાંચતાં અને બોલતાં શીખવ્યું, પરીક્ષામાં માર્ક્સ ઓછા આવે તો વધારે મહેનત કરતા શીખવ્યું છે, તે મા જયારે ભૂલ કરે ત્યારે બાળકો તેને કેમ નથી સ્વીકારી શકતાં? શા માટે તેને માફ નથી કરી શક્તાં? આ 'મધર્સ ડે' નિમિત્તે મારે દરેક બાળકોને અને સમાજને પણ કહેવું છે કે હવે તમારી વારી છે માને સમજવાની, તેની ભૂલને માફ કરવાની અને માણસ તરીકે તેનો સ્વીકાર કરવાની. ચાલો ત્યારે, આવજો. હેપ્પી મધર્સ ડે ટુ ઓલ ધ મધર્સ!

- સંપાદક

## સપ્તાહની તસવીર



'મધર્સ ડે' નિમિત્તે '**સન્નારી**'ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર **ધારા રુઘાની**ની છે. એમણે માનવ સંસાધનમાં MBA કર્યું છે અને ફેશન મોડેલ અને કન્ટેન્ટ ક્રિએટર તરીકે કામ કરે છે. ધારા જણાવે છે કે, ''મારી વ્યાવસાયિક યાત્રાની સાથે, માતૃત્વે મારા જીવનમાં એક સુંદર અર્થ ઉમેર્યો છે. તેણે મને ધીરજ, શક્તિ અને બિનશરતી પ્રેમ શીખવ્યો છે. માતા બનવા અને મારી કારકિર્દીનું એકસાથે સંચાલન કરવાથી હું જીવનની દરેક નાની સિદ્ધિ માટે વધુ આત્મવિશ્વાસુ, જવાબદાર અને કૃતજ્ઞ બની છું. હું માનું છું કે એક સ્ત્રી તેનાં સપનાં, જુસ્સા અને પરિવારને સુંદર રીતે સંતુલિત કરી શકે છે અને તે પસંદ કરેલી દરેક ભૂમિકામાં ચમકી શકે છે.''